


રીનોવેશન સમારકામ બધે જરુરી છે. સેકટર-૩૦ સર્કલ ખાતે મુકવામાં આવેલ ડમી ફાઈટર પ્લેનને કલરકામ કરી નવો લુક અપાઈ રહ્યો છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# મીનાબજારથી અમદાવાદના પાંચ નબીરાઓ પીધેલી હાલતમાં ઝડપાયા

## સે. ૭ પોલીસે મોડી રાત્રે પાંચેયને પકડીને ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૨૧

શહેરના જુના સચિવાલય મીનાબજાર ખાતે દારૂના નશામાં છાટકા બનેલા નબીરાઓ ફરતા હોવાની બાતમીને આધારે સેક્ટર-૭ પોલીસની ટીમે દરોડો પાડીને પાંચ નબીરાઓનો પીધેલી હાલતમાં ઝડપી પાડી પાંચેયની ધરપકડ કરી છે. અમદાવાદના અલગ-અલગ વિસ્તારના પાંચેય નબીરાઓ રહે છે.

સેક્ટર-૭ પોલીસમથકના ડી સ્ટાફને બાતમી મળી હતી કે મીનાબજાર જુના સચિવાલય ખાતે કેટલાક શખ્સો દારૂના નશામાં ફરી રહ્યા છે. રાત્રે સાડા અગીયાર વાગ્યાના અરસામાં મીનાબજાર પહોંચી જઈને પોલીસે અમદાવાદ વિસ્તારના પાંચ નબીરાઓને ઝડપી લીધા હતા. બોપલના દેવાંગ અંબાલાલ પટેલ, શાહીબાગના કલ્પેશ નટવરલાલ રાવલ, નવા વાડજના ધર્મેન્દ્ર કનુસિંહ ઝાલા, સેટેલાઈટના વરૂણ બકુલભાઈ પટેલ અને ઈન્દીરાબ્રીજ નજીકના જગદીશ મંગલદાસ પટેલ મળીને પાંચેય નબીરાઓની પીધેલી હાલતમાં ધરપકડ કરીને પ્રોહીબીશન એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી સે. ૭ પોલીસે હાથ ધરી છે.

# પાંચ વર્ષથી પરિણીતાને ત્રાસ આપનાર સાસરીયા સામે ફરિયાદ

## સે-૩ની પરિણીતાએ પતિ, સાસુ અને સસરા સામે ગુનો નોંધાવ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-એ ખાતે રહેતી પરિણીતાના લગ્નને બે વર્ષ પુરા થયા બાદ ત્રીજા વર્ષથી જ સાસરીયાઓએ કોઈને કોઈ બાબતે શારીરિક-માનસિક ત્રાસ આપવાનું શરુ કરી છેલ્લા પાંચ વર્ષથી ત્રાસ આપતા હોવાની ફરિયાદ પરિણીતાએ સે-૭ પોલીસ મથકે નોંધાવી છે.

સેક્ટર-૩-એ પ્લોટ નં. ૧૩૨/૨ ખાતે રહેતી પરિણીતા ધર્મિષ્ઠાબેને સેક્ટર-૭ પોલિસ મથકમાં નોંધાવેલી પોલિસ ફરિયાદ મુજબ જીતેશભાઈ ટેલર સાથે તેમના લગ્નને સાત વર્ષ થયા છે. છેલ્લા પાંચ વર્ષથી કોઈને કોઈ રીતે તેમના પતિ જીતેષભાઈ, સાસુ સુધાબેન પ્રવિણભાઈ ટેલર અને સસરા પ્રવિણભાઈ ટેલર મળીને ધર્મિષ્ઠાબેનને શારિરીક અને માનસિક ત્રાસ આપી રહ્યા છે. તાજેતરમાં જ લાફો મારી દીધો હતો જેને લઈ ધર્મિષ્ઠાબેને સે-૭ પોલિસ સ્ટેશનમાં સાસુ, સસરા અને પતિ સામે શારિરીક-માનસિક ત્રાસ અંગે ફરિયાદ આપતા પીએસઆઈ બોડાણાએ ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

# ચિલોડામાં ગાય માતા બિન્દાસ પ્લાસ્ટીક આરોગે છે

## સફાઈ તંત્ર દ્વારા કચરાપેટીઓના કચરાનો નિયમિત નિકાલ ન કરાતા ગંદકીનું સામ્રાજય : લોકો પણ પ્લાસ્ટીકની થેલીઓમાં ખાદ્ય કચરો નાંખી જાય છે જે અબોલ પશુધન માટે જોખમકારક નીવડે છે

ચિલોડા, તા. ૨૧

હિન્દુ ધર્મમાં ગાયને માતા ગણીને તેને પુજય માનવામાં આવે છે. પરંતુ ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આ ગાય માતાઓ કચરાપેટીની બહાર જામેલા ગંદકીના સામ્રાજયમાંથી પ્લાસ્ટીકની કોથળીઓ આરોગી રહી છે. એક તરફ સફાઈ તંત્ર દ્વારા કચરાપેટીઓ મુકી દેવાય છે પરંતુ યોગ્ય સમયે તેનો નિકાલ કરાતો નથી તેથી ગંદકીના થર વધે છે. અને બીજી તરફ લોકો પણ શાકભાજીના છોતરા, ફળોની છાલ અને એંઠવાડ જેવો કચરો પ્લાસ્ટિકની થેલીઓમાં ભરીને નાંખી જાય છે જેથી તેને આરોગવા જતા ગાયો અજાણપણે પ્લાસ્ટીક પણ પેટમાં ઉતારી દે છે જે આ દૂધાળા પશુના આરોગ્ય માટે હાનિકારક સાબિત થાય છે.

સફાઈ તંત્ર દ્વારા કચરા પેટીઓને સમયસર ખાલી કરી કરવાનો નિકાલ કરાતો ના હોવાથી આ કચરાપેટીઓ ઓવરફલો થવા માંડે છે. વળી નાગરિકો દ્વારા ખાદ્યપદાર્થોનો કચરો પ્લાસ્ટીકની થેલીઓમાં ભરી તેમાં નાંખવામાં આવે છે જેથી તેને ખાવા માટે ગાયો કચરો કચરાપેટીમાંથી બહાર ખેંચી કાઢે છે. આ કારણે ગંદકી વધી જાય છે અને ગાયો પણ અજાણતા પ્લાસ્ટીક પેટમાં પધરાવી દે છે જે તેમના સ્વાસ્થ્ય માટે ખૂબ જ જોખમરૂપ પુરવાર થાય તેમ હોય છે. ગાયોની આવી દયાજનક સ્થિતિ માટે લોકો અને તંત્ર બરાબર સરખા જવાબદાર છે પરંતુ તંત્ર દ્વારા સમયસર પગલાં પણ ભરાતા નથી તે ચિંતાજનક બાબત છે.

ગ્રામ પંચાયત દ્વારા દંડનીય કાર્યવાહીનું જાહેર સૂચનાનું બોર્ડ લગાવી આ પ્રકારની નુકશાનકારક પ્રવૃત્તિઓ અંગે લાલબત્તી દર્શાવાની ઔપચારિકતા માત્ર પુરી કરી દેવાઈ છે પરંતુ તેનું પાલન કરાવવામાં કે કરવામાં રખાતી ઢીલાશ મોંઘેરું દુધાળુ પશુધન બરબાદ કરી રહ્યું છે તેવું જીવદયા પ્રેમીઓને લાગી રહ્યું છે.



# ગોવર્ધનનાથજીની હવેલી પાછળની ઝાડીઓની સફાઈ સાત દિવસમાં નહી કરાય તો કોર્ટમાં જવા ચિમકી

## ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી સાત દિવસમાં સફાઈ કરાવવા અનુરોધ : ૨૦૧૧થી રજુઆતો કરાઈ છતાં ઉકેલ ના આવતા હવે કોર્ટમાં જવા સુધીની તૈયારી કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સે-૨૧માં આવેલ ગોવર્ધનનાથજીની હવેલીની પાછળના ભાગે આવેલ ખુલ્લી જગ્યામાં ખૂબ ઝાડી-ઝાંખર અને ઘાસ ઉગી નિકળવાને કારણે ખૂબ ગંદકી ફેલાવા પામેલ છે. આ ગંદકીના કારણે અહીં ઝેરી જીવજંતુઓનો ઉપદ્રવ થવાનો ભય હોઈ અહીં સફાઈ માટે તંત્ર સમક્ષ વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ આ જ પગલા ના લેવાતા હવે રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તેમજ મનપાના કમિશનરને પત્ર લખી સાત દિવસમાં ગંદકી દૂર નહીં કરવામાં આવે તો કોર્ટે ચઢવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

સે-૨૧માં આવેલ ગોવર્ધનનાથજીની વૈષ્ણવ હવેલી પાછળની ખુલ્લી જગ્યામાં વરસાદના કારણે ખૂબ જ ઝાડી-ઝાંખર અને મોટા પ્રમાણમાં ઘાસ ઉગી નીકળેલ છે અને અહીં જંગલ ના હોવા છતાં હવેલીની દિવાલને અડીને વન ખાતા દ્વારા વિશાળ જંગલી વૃક્ષો ઉછેરીને જંગલ જેવું બનાવી દીધું હોવાનું વૈષ્ણવ સમાજ દ્વારા જણાવાયું છે. આ કારણે મંદીરની આ દિવાલને અડીને હવેલીના મુખ્યાજીના ૬ સભ્યોનો પરિવાર અને દરરોજ દર્શન કરવા આવતા વૈષ્ણવો માટે ડેનગ્યુ-ચીકનગુનિયા જેવા રોગો ફેલાવાની શકયતા દર્શાવીને આ જગ્યાની સાત દિવસમાં સફાઈ કરવા અનુરોધ કરાયો છે.

ગાંધીનગર વૈષ્ણવ પરિવાર દ્વારા આ અનુરોધ સાથે તેઓ આ સમસ્યાની તા. ૩જી ઓકટોબર ૨૦૧૧થી રજુઆત કરતા આવ્યા હોવા છતાં પગલા નથી લેવાયા તે કારણોસર હવે જો સાત દિવસમાં આ જગ્યાની સફાઈ નહીં કરવામાં આવે તો ના છૂટકે કોર્ટમાં જવાની ફરજ પડશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.




### અન્નનો બગાડ કર્યો તો ૧૦ ટકા વધુ ચુકવો

આપણો દેશ બુલેટ ટ્રેનના સહારે વિકાસના પાટા પર પુરપાટ દોડવા માટે તૈયાર થઈ રહ્યો છે, પરંતુ હજુ પણ દેશમાં લાખો લોકો એવા છે જેમને ભૂખ્યા સૂઈ જવુ પડે છે. વિશ્વમાં એક તરફ અન્નની અછતની સમસ્યા છે તો બીજી તરફ અન્નના બગાડની સમસ્યા પણ એટલી જ વિકરાળ બનતી જાય છે. જો કે હવે ઘણા લોકો આ બાબતે જાગૃત થતાં જાય છે અને શક્ય હોય એટલો અન્નનો બગાડ ઓછો કરે છે આમ છતાં, હજુ પણ આપણા લગ્નોમાં બેફામ રીતે અન્નનો બગાડ થતો હોય છે. ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રીલાયન્સ ચોકડી નજીક આવેલ રીઅલ પેપ્રિકા નામની એક પીઝાની રેસ્ટોરન્ટ દ્વારા આવકારદાયક પગલુ ભરવામાં આવ્યું છે. આ રેસ્ટોરન્ટમાં જો કોઈ અન્નનો બગાડ કરશે તો તેને બીલમાં ૧૦ ટકા વધુ ચાર્જ કરાશે તેવી સૂચના સાથે અન્નનો બગાડ નહી કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. (તસવીર : સમીર રામી)



(તસવીર : કશ્યપ નીમાવત)



શ્રી સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળ ગાંધીનગર દ્વારા સેક્ટર-૧૨ વિશ્વકર્મા મંદિર ખાતે જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન-ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ગાંધીનગરના અગ્રણીઓ રજનીકાંત સુથાર, ઠાકરશીભાઈ લુહાર, સુરેશભાઈ, બળવંતભાઈ મીસ્ત્રી અને કમલેશભાઈ દ્વારા આ સમગ્ર સરસ્વતી સન્માન કાર્ય પુરૂ પાડવામાં આવ્યુ હતું. આમંત્રિત મહેમાનો ચંદ્રેશભાઈ મિસ્ત્રી, પંકજભાઈ મિસ્ત્રી (અમદાવા), સંકેત મહેન્દ્રભાઈ ડોડીયા (હિંમતનગર)ના વરદહસ્તે વિદ્યાર્થીઓને શિલ્ડ, પ્રમાણપત્ર અને ભેટ અર્પણ કરવામાં આવ્યા હતા. સરસ્વતી સન્માન કાર્યક્રમની સાથે ૧૦ સીનીયર સીટીઝનોનું સન્માન અને નિવૃત્ત થયેલા કર્મચારીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કે.જી. થી પી.જી. સુધીના કુલ ૬૦ વિદ્યાર્થીઓએ અને અર્જુન એવોર્ડ પારૂલ પરમારનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સાંસ્કૃતિક અને જ્ઞાતિજનોનાં સન્માન કાર્યક્રમનું સંચાલન ચંદ્રકાન્તભાઈએ કર્યું હતું.

# રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા નવરાત્રિમાં વ્યવસ્થા જાળવવા અનુરોધ

## દરેક આયોજકોને ૧૨ વાગે નવરાત્રિ બંધ કરવા, સિકયુરીટી રાખવા અને ટ્રાફિક વ્યવસ્થા કરવા વિનંતી : નાગરિકોને ઘર સૂના નહીં મુકવા તેમજ દીકરીના સંપર્કમાં રહેવા સૂચના

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના રાજધાની વસાહત સેવા મંડળ દ્વારા નવરાત્રિ દરમિયાન તમામ આગેવાનો અને સેકટરોના વસાહત મંડળોને સે-૨૧ પોલીસ સ્ટેશનના પી.આઈ. ભરતસિંહ ચાવડાએ આપેલી સૂચનાઓનો અમલ કરવા અનુરોધ કર્યો છે.

સે-૨૧ના પી.આઈ. ભરતસિંહ ચાવડાએ તા. ૨૦મી સપ્ટેમ્બરે તમામ નવરાત્રિ મહોત્વસના આગેવાનો અને સેકટરોના વસાહત મંડળોના પ્રમુખોની મીટીંગ યોજીને નવરાત્રિ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે કેટલીક સૂચનાઓ આપી તેનું પાલન કરવા અનુરોધ કર્યો હતો. આ સૂચનાઓ મુજબ દરેક સેકટરમાં નવરાત્રિ મહોત્સવ રાત્રે ૧૨ વાગે બંધ કરી દેવો, આયોજકોએ સિકયુરીટીની વ્યવસ્થા કરવી, સ્વયંસવકોએ વ્યવસ્થા જાળવવા મદદ કરવી, ટ્રાફિક વ્યવસ્થા કરવી, અનિશ્ચિત બનાવ ન બને તેની તકેદારી રાખવી અને દારુ પીધેલી હાલતમાં કોઈ વ્યકિત આવે તો તુરંત પોલીસને જાણ કરવી તેવું જણાવાયું હતું.

આ ઉપરાંત દરેક નાગરિકોએ પણ તેમની દીકરી ઘરેથી નવરાત્રિ માટે નીકળે તો બહેનપણી અથવા ફ્રેન્ડસર્કલમાં જાય તો તેમના ફોન નંબર રાખવા અને રાત્રે ૧૨ વાગે પરત ન ફરે તો ફોન કરી તપાસ કરી લેવી, નવરાત્રિ માણવા ઘર સાવ સૂના મુકીને ન જવું બલ્કે ઘરે એકાદ વ્યકિતએ રહેવું જેથી ચોરીનો બનાવ ન બને અને નવરાત્રિઓના આયોજકોએ પણ ગરબા દરમિયાન બહેન-દિકરીઓની ઠઠ્ઠા મશ્કરી ન થાય તેનું ધ્યાન રાખવા સૂચના આપી હતી. વસાહત મંડળે નવરાત્રિ દરમિયાન ટોરેન્ટ પાવરને પણ દરેક સેકટરના તમામ રોડ પરની બધી જ લાઈટો ચાલુ રાખવા અનુરોધ કર્યો છે.

## આજે વૈજનાથ મહાદેવ ખાતે રૂદ્રાભિષેક

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના રૂદ્રાભિષેક મંડળ દ્વારા તા. ૨૨મી સપ્ટેમ્બરના રોજ ભાદરવા માસની શિવરાત્રિ નિમિત્તે સેક્ટર-૨૧ માં આવેલ વૈજનાથ મહાદેવ મંદિર ખાતે સાંજે ૫.૦૦ કલાકે રૂદ્રાભિષેક યોજાશે જેની તમામ ધર્મપ્રેમીઓએ નોંધ લેવા વિનંતી કરાઈ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૩૫

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૬૧ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :

દાવત એ ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :

ખૂબસૂરત : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

ફાઈન્ડીંગ ફેની (અંગ્રેજી) : ૫.૪૫, ૧૦.૧૫

સ્કીન-૩ :

ક્રિએચર (૩ડી) : ૬.૪૫

: સ્કીન-૪ :

ફાઈન્ડીંગ ફેની : ૧૨.૧૫, ૨.૧૫, ૧૦.૦૦

બે યાર (ગુજરાતી) : ૪.૧૫

આગાડુ (તેલુગુ) : ૭.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

ખૂબસૂરત : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :

દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૩ :

ક્રિચર : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન ભીખાજી ઠાકોર (ઉ.વ.૭૨) ગામ - રૂપાલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. વિષ્ણુજી જવાનજી ઠાકોર (ઉ.વ.૩૨) ગામ - સોનીપુર, પો. રૂપાલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. સુરેન્દ્રભાઈ શકરાભાઈ પંડ્યા (ઉ.વ.૬૬) પ્લોટ નં. ૧૩૧૮/૧, સેક્ટર-૩બી, ગાંધીનગર